વિભાગના આઈ.સી.ડી.એસ. હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીની પ્રક્રિયામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪ (ચાર)% અનામત રાખવા તથા જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2025/0084/B1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા-**

૧. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯-ગ૨

૨. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૧૩૬૧/બ૧

૩. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૪/૦૧/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2025/0084/B1

૪. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2025/0084/B1-PF1

૫. સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગની તા.૩૦/૦૪/૨૦૨૫ ની તજજ્ઞ સમિતિની કાર્યવાહી નોંધ

**આમુખ:**

The Rights of Persons with disabilities Act, 2016 અમલમાં આવતા સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ના સંબંધિત સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ જગ્યાના ૪ (ચાર)% જગ્યાઓ દિવ્યાંગતા (Benchmark Disabilities) ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ-(૨), (૩) અને (૪) ના ઠરાવથી વિભાગ હસ્તકના આઈસીડીએસ હેઠળના વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ માટે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવેલ. આ ઠરાવથી નક્કી થયેલ દિવ્યાંગતા માટે સમીક્ષા હાથ ધરી સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

RPwD Act-2016 ની કલમ-૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિભાગના નીચે જણાવેલ સંવર્ગો માટે દિવ્યાંગતાનો પ્રકાર સુનિશ્ચિત(Identity) કરવા વંચાણે લીધેલ ક્રમાંક-(૫) પરની તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ ધ્યાનમાં લઈને હવે આથી

નાચે મુજબ ઠરાવવામા આવે છે.

**ઠરાવ:**

વિભાગના આઈ.સી.ડી.એસ. હસ્તકના નીચે દર્શાવેલ સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે નિયત થયેલ ૪ ટકા અનામત મુજબ નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે તે મુજબ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D&E |
| (૧) | (૨) | (૩) | (૪) | | | |
| ૧ | પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક | ૧ | LV (40-70%) | HH (40-70%) | OA, BA, OL, OAL, BLA, BL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD(a to d) |
| ૨ | બાળ વિકાસ યોજના અધિકારી | ૨ | LV (40-70%) | HH (40-70%) | OA, BA, OL, OAL, BLA, BL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD(a to d) |

[Code and Functional Classification: Low Vision (LV), Hard of Hearing (HH), One Arm (OA), Both Arm (BA), One Leg (OL), One Arm One Leg (OAL), Both Legs Arms (BLA), Both Leg (BL), Both Leg One Arm (BLOA), Cerebral Palsy (CP), Leprosy Cured (LC), Dwarfism (Dw), Acid Attack Victim (AAV), Spine Deformity (SD), Spine Injury (SI), Autism Spectrum Disorder (ASD)(M-Mild), Specific Learning Disability (SLD), Mental illness (MI), Multiple Disabilities (MD)]

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. યુ. ગોસાઇ)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

૪. કમિશ્નરશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૫. શાખા સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Deputy Secretary
Date: 2025.07.01 16:25:32 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign